# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા: ૧૬/૦૬/૨૦૨૨

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# સુરતના ઉદ્યોગકારોને યુએસએમાં બિઝનેસ કરવા માટે ન્યુ યોર્ક સિટીની મેયર ઓફિસ દ્વારા તમામ પ્રકારની મદદ કરાશે

## ન્યુ યોર્ક સિટીના મેયર તથા તેમની ટીમને સુરતમાં ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રી તેમજ સુરત ડાયમંડ બુર્સની મુલાકાત લેવા માટે ચેમ્બરના પ્રમુખ આશીષ ગુજરાતીએ આમંત્રણ આપ્યું

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ આશીષ ગુજરાતીની આગેવાનીમાં ૨૫ જેટલા સુરતના ટેકસટાઇલ ઉદ્યોગકારોએ યુએસએમાં ન્યુ યોર્ક સિટીની મેયર ઓફિસની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન ન્યુ યોર્ક સિટીના મેયર મીસ્ટર એરીક એડમ્સ, તેમના મુખ્ય સલાહકાર ડો. ઇનગ્રીડ લેવીસ તથા મેયર ઓફિસના ડેપ્યુટી કમિશનર ફોર ટ્રેડ એન્ડ ઇન્વેસ્ટમેન્ટ – ઇનોવેશન દિલીપ ચૌહાણ તથા મેયર ઓફિસના ઇન્ટરનેશનલ અફેર્સના ઇન્ચાર્જ મીસ્ટર ફ્રેન્ક કેરોન તથા કમિશનર ઓફ એસબીએસ, ન્યુ યોર્ક સિટી મીસ્ટર કેવીન સાથે મહત્વની ચર્ચા વિચારણા કરી હતી.

ન્યુ યોર્ક સિટીના મેયરના મુખ્ય સલાહકાર ડો. ઇનગ્રીડ લેવીસે સુરતથી આવેલા પ્રતિનિધી મંડળને આવકારી જણાવ્યું હતું કે, તેઓની ઓફિસ દ્વારા સુરતથી આવેલા તમામ ઉદ્યોગકારોને યુએસએમાં બિઝનેસ કરવા માટે તમામ પ્રકારની મદદ કરવામાં આવશે.

ડેપ્યુટી કમિશનર દિલીપ ચૌહાણે જણાવ્યું હતું કે, ન્યુ યોર્ક સિટીના મેયર આ શહેરમાં નાના – મોટા કોઈપણ પ્રકારનો ધંધો સ્થાપવા માટે ઉદ્યોગ સાહસિકોને જે કઇપણ અડચણો આવતી હોય તેને દુર કરવા પ્રતિબદ્ધ છે. મેયરની ઓફિસમાં જે ઇન્ટરનેશનલ અફેર્સ ડિવીઝન છે તે ઇન્ટરનેશનલ કોમ્યુનિટી અને મેયર ઓફિસની વચ્ચે સંકલન સાધે છે. આ ડિવીઝન દ્વારા ૭૦ ટ્રેડ કમિશન, ૧૧૬ કોન્સ્યુલેટ અને ૧૯૩ પરમનન્ટ મીશન્સ સાથે સંકલન સાધી વૈશ્વિક વેપારમાં વૃદ્ધિ લાવવા માટે પ્રયાસ કરવામાં આવે છે. ન્યુ યોર્ક શહેરનું સ્ટાર્ટ–અપ ઇકો સિસ્ટમ ૧૪૭ બિલિયન યુએસ ડોલર જેટલી છે અને ૧૫૦ થી વધુ દેશોના લોકો ન્યુ યોર્ક શહેરમાં રહે છે.

ન્યુ યોર્કના મેયરે ચેમ્બરના પ્રમુખ આશીષ ગુજરાતીને ભવિષ્યમાં પણ યુએસએ ખાતે એકઝીબીશનો કરવા માટે આગ્રહ કર્યો હતો. આ અંગે આશીષ ગુજરાતીએ જણાવ્યું હતું કે, સુરત અને ન્યુ યોર્કની વચ્ચે સિસ્ટર સિટી એગ્રીમેન્ટ થાય ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીના ડેવલપમેન્ટ માટે મહત્વની કામગીરી કરી શકાશે. તદુપરાંત તેમણે ન્યુ યોર્ક સિટીના મેયર તથા તેમની ટીમને સુરતમાં ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રી તેમજ સુરત ડાયમંડ બુર્સની મુલાકાત લેવા માટે આમંત્રણ આપ્યું હતું.

ન્યુ યોર્ક શહેરના મેયર દ્વારા ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રતિનિધી મંડળને વિવિધ વિષયો જેવા કે સ્ટુડન્ટ એકસચેન્જ પ્રોગ્રામ, કોલોબ્રેશન ઇન સ્ટાર્ટ–અપ, ફેશન ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી–ન્યુ યોર્ક સાથેનો સહકાર તથા અન્ય કોઇપણ મુદ્દે વિડિયો કોન્ફરન્સ કરવી હોય ત્યારે તેમના દ્વારા ચેમ્બરને સહકાર આપવામાં આવશે તેમ જણાવ્યું હતું.